**ગુજરાત સરકાર**
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, ૮મો માળ, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૩૩૬, ફેક્ષ નં. ૦૭૯-૨૩૨-૫૧૩૨૫, ઈ-મેઈલ: so-ch-edu@gujarat.gov.in

ક્રમાંક: ED/MISC/e-file/3/2024/3796/CH

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.

વિષયઃ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકનું મહેકમ તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ મંજુર કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અંગેના આપની કચેરીના તા.૧૩/૦૮/૨૦૨૪ ના પત્ર (ક્રમાંક: પ્રાશિનિ/ક-નિતી/૨૦૨૪/૧૨૪૭) થી રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકનું મહેકમ તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ મંજુર કરવા બાબતની કરેલ દરખાસ્ત તેમજ શિક્ષણ વિભાગના તા.૨૦/૦૭/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક: સશઅ-૧૧૨૦૨૪-૧૨૧-ચ થી રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકની બદલી અંગેના નિયમો પ્રસિદ્ધ કરેલ છે,તેના પ્રકરણ-B માં મુખ્ય શિક્ષક ના મહેકમ અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે,તે અનુસાર તા.૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ રાજયની જિલ્લા/નગર શિક્ષણ સંચાલીત સરકારી પ્રાથમિક શાળાઓમાં તા: ૩૧-૭-૨૦૨૪ ની સિથતિએ વયપત્રક પર નોધાયેલ આ સાથે સામેલ પત્રક-A મુજબ ૩૩ જિલ્લા શિક્ષણ સમિતિમાં મુખ્ય શિક્ષકની કુલ ૧૧૬૧૫ જગ્યાનું મહેકમ અને પત્રક-B મુજબ ૨૦ નગર શિક્ષણ સમિતિમાં મુખ્ય શિક્ષકની કુલ ૧૧૯૩ જગ્યાનું મહેકમ મળવાપાત્ર થાય છે,તે મુજબ ૧૧૬૧૫ + ૧૧૯૩ = કુલ ૧૨૮૦૮ મુખ્ય શિક્ષકની જગ્યાનું મહેકમ આથી, નીચે મુજબની શરતોને આધીન મંજુર કરવામાં આવે છે.

**<u>શરતો:-</u>**

· ઉક્ત વિગતે તમામ જિલ્લા / નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકનું મહેકમ તા.૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ મંજુર થયેલ મુખ્ય શિક્ષક મહેકમની તાલુકાવાર ફાળવણી કરીને તેની જાણ સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી / શાસનાધિકારીએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને કરવી. અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ પોતાના તાલુકાની જે તે શાળાને મળવાપાત્ર મુખ્ય શિક્ષક સામે મંજૂર કરેલ મુખ્ય શિક્ષક મહેકમના આદેશ કરવાના રહેશે.

· જે જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં તા.૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ જે તે શાળામાં મુખ્ય શિક્ષકની જગ્યા ભરેલી હોય પરંતુ ઉક્ત વિગતે વિદ્યાર્થી સંખ્યા મુજબ તે શાળાને મુખ્ય શિક્ષક મળવાપાત્ર ન હોય તે મુખ્ય શિક્ષકની વહિવટી કરણોસર બદલી શિક્ષણ વિભાગના મુખ્ય શિક્ષકની બદલી અંગેના તા.૨૦/૦૭/૨૦૨૪ ના ઠરાવના પ્રકરણ-K(1)(A) ની જોગવાઇ મુજબ તાત્કાલિક બદલી અંગેની કાર્યવાહી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી / શાસનાધિકારીએ હાથ ધરવાની રહેશે.

· શિક્ષણ વિભાગના તા.૨૦/૦૭/૨૦૨૪ના ઠરાવથી મુખ્ય શિક્ષકના બદલી નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેથી હવે પછી મુખ્ય શિક્ષક માટે કરવાની થતી તમામ પ્રકારની બદલીઓ માટે ઉપર મુજબનું મંજૂર મુખ્ય શિક્ષક મહેકમ ધ્યાને લેવાનું રહેશે.

· રાજ્ય સરકાર સાથેના પત્ર વ્યવહારમાં તથા તમામ હેતુ માટે તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ ઉપર મુજબનું મંજૂર મુખ્ય શિક્ષક મહેકમ ગણવાનું રહેશે.

Signature Not Verified
Signed by:ashish kumar m chaudhary
Under Secretary
Date: 2024.08.17 12:27:27 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

· ઉક્ત વિગતે મંજુર કરેલ મહેકમ બાબતે આ વિભાગ દ્વારા અન્ય કોઈ સૂચના / હુકમો કરી ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી આ મંજૂર કરેલ મુખ્ય શિક્ષક મહેકમ ચાલુ રહેશે.

આપનો વિશ્વાસુ,

**બિડાણ:** પત્રક-અ, પત્રક-બ

(આશિષ ચૌધરી)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ.

**નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારું :**
(૧) સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી,જિલ્લા શિક્ષણ સમિતિ ( નિ.પ્રા.શિ.ની કચેરી મારફત )
(૨) સર્વે નગર પ્રાથમિક શિક્ષણાધિકારી.નગર શિક્ષણ સમિતિ ( નિ.પ્રા.શિ.ની કચેરી મારફત )
(૩) સર્વે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, ( નિ.પ્રા.શિ.ની કચેરી મારફત )

| પત્રક - અ | | |
|---|---|---|
| ક્રમ | જિલ્લા શિક્ષણ સમિતિનું નામ | શિક્ષણ વિભાગના તા.૨૦/૦૭/૨૦૨૪ ના ઠરાવની જોગવાઇ મુજબ જે તે જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ વયપત્રક પર નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ મળવાપાત્ર મુખ્ય શિક્ષકનું મહેકમ |
| ૧ | અમદાવાદ | ૪૧૨ |
| ૨ | વડોદરા | ૩૦૮ |
| ૩ | રાજકોટ | ૩૭૨ |
| ૪ | સુરત | ૨૦૯ |
| ૫ | ખેડા | ૫૪૭ |
| ૬ | આણંદ | ૪૮૨ |
| ૭ | પંચમહાલ | ૫૪૭ |
| ૮ | દાહોદ | ૮૪૫ |
| ૯ | સાબરકાંઠા | ૪૪૦ |
| ૧૦ | જુનાગઢ | ૧૮૮ |
| ૧૧ | પોરબંદર | ૦૯૦ |
| ૧૨ | મહેસાણા | ૫૨૫ |
| ૧૩ | પાટણ | ૪૦૦ |
| ૧૪ | ભાવનગર | ૫૧૧ |
| ૧૫ | જામનગર | ૨૪૦ |

Signature Not Verified
Signed by:ashish kumar m chaudhary
Under Secretary
Date: 2024.08.17 12:27:27 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | |
|---|---|---|
| ૧૬ | અમરેલી | ૩૧૨ |
| ૧૭ | કચ્છ | ૫૯૯ |
| ૧૮ | ભરૂચ | ૨૫૩ |
| ૧૯ | નર્મદા | ૧૧૯ |
| ૨૦ | વલસાડ | ૩૧૦ |
| ૨૧ | નવસારી | ૧૯૧ |
| ૨૨ | બનાસકાંઠા | ૧૧૫૪ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૪૭૬ |
| ૨૪ | ગાંધીનગર | ૨૫૮ |
| ૨૫ | ડાંગ | ૦૯૪ |
| ૨૬ | તાપી | ૧૪૦ |
| ૨૭ | અરવલ્લી | ૨૩૮ |
| ૨૮ | ગીર સોમનાથ | ૨૭૯ |
| ૨૯ | દેવભૂમિ દ્વારકા | ૧૬૩ |
| ૩૦ | મહિસાગર | ૨૭૦ |
| ૩૧ | મોરબી | ૨૬૫ |
| ૩૨ | બોટાદ | ૧૭૮ |
| ૩૩ | છોટા ઉદેપુર | ૨૦૦ |
| કુલ: | ૧૧,૬૧૫ ( અગિયાર હજાર છસ્સો પંદર) | |

| પત્રક – બ | | |
|---|---|---|
| ક્રમ | નગર શિક્ષણ સમિતિનું નામ | શિક્ષણ વિભાગના તા.૨૦/૦૭/૨૦૨૪ ના ઠરાવની જોગવાઇ મુજબ જે તે નગર શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ વયપત્રક પર નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ મળવાપાત્ર મુખ્ય શિક્ષકનું મહેકમ |
| ૧ | અમદાવાદ | ૩૯૬ |
| ૨ | વડોદરા | ૯૯ |
| ૩ | રાજકોટ | ૮૨ |
| ૪ | સુરત | ૩૨૯ |
| ૫ | ભાવનગર | ૫૮ |
| ૬ | જામનગર | ૪૦ |
| ૭ | ઉપલેટા | ૦૬ |
| ૮ | જેતપુર | ૧૧ |
| ૯ | નડીયાદ | ૧૬ |
| ૧૦ | આણંદ | ૨૨ |
| ૧૧ | ઊંઝા | ૦૭ |
| ૧૨ | સિધ્ધપુર | ૦૮ |
| ૧૩ | બોટાદ | ૧૫ |
| ૧૪ | મહુવા (ભાવનગર) | ૧૪ |
| ૧૫ | અમરેલી | ૦૮ |

Signature Not Verified
Signed by:ashish kumar m chaudhary
Under Secretary
Date: 2024.08.17 12:27:27 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | |
|---|---|---|
| ૧૬ | અંજાર | ૧૬ |
| ૧૭ | ભરૂચ | ૦૪ |
| ૧૮ | અંકલેશ્વર | ૦૭ |
| ૧૯ | નવસારી | ૧૦ |
| ૨૦ | ગાંધીનગર | ૪૫ |
| કુલ: | ૧,૧૯૩( એક હજાર એક સો ત્રાણું) | |